# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-02-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) રાજ્યના ૫૧ લાખ ૪૧ હજારથી વધુ ખેડૂત પરિવારોને એક હજાર ૧૪૮ કરોડ રૂપિયાની સહાય કિસાન સન્માન નિધિ યોજના હેઠળ મળી

2) મુખ્યમંત્રીએ રાજ્યકક્ષાના કિસાન સન્માન સમારોહ અન્વયે તુવેરની ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ કરાવ્યો

3) રાજકોટની હોસ્પિટલમાં વીડીયો અપલોડ કરવાનો કેસ અને ખ્યાતિ હોસ્પિટલના મામલે ત્વરિત અને યોગ્ય કાર્યવાહી કરાઇ હોવાનો સરકારનો વિધાનસભામાં જવાબ

4) ગુજકેટની પરીક્ષા આગામી 23મી માર્ચે યોજાશે

5) સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકિનારાના વિસ્તારો માટે આવતા ચોવીસ કલાકમાં ગરમીના યલો એલર્ટની હવામાન વિભાગે આગાહી કરી

6) આજથી મહાશિવરાત્રી નિમિત્તે સોમનાથ મહોત્સવનો આરંભ

..............................................................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# STATE KISAN NIDHI YOJANA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે રાજ્ય સરકાર ખેડૂતોની કોઇપણ સમસ્યાના ઉકેલ લાવવા માટે હંમેશા તત્પર રહી છે. તેમણે કહ્યું હતું કે રાજ્યનો ખેડૂત આર્થિક રીતે વધુ સક્ષમ બને તે માટે સરકાર કટિબધ્ધ છે. પીએમ કિશાન નિધિ યોજના અંતર્ગત પ્રધાનમંત્રી દ્વારા આ યોજનાના 19માં હપ્તાના ચૂકવણા પ્રસંગે ગાંધીનગરમાં વર્ચ્યુઅલી જોડાયેલા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, 19મા હપ્તામાં રાજ્યના 51 લાખથી વધુ ખેડૂતોને એક હજાર 148 કરોડની ચૂકવણી કરવામાં આવી છે.

## (બાઇટ- ભૂપેન્દ્ર પટેલ , મુખ્યમંત્રી)

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે તુવેરની ટેકાના ભાવે ખરીદીનો પણ વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો હતો. રાજ્યમાં 200 જેટલા ખરીદ કેન્દ્રો પરથી 2 લાખ 6 હજાર મેટ્રિક ટન તુવેરના જથ્થાની ખરીદી કરવાનું આયોજન છે.

મુખ્યમંત્રીએ અતિ આધુનિક ટેકનોલોજીથી સજ્જ કૃષિ પ્રગતિ-કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર, વેબ પોર્ટલ અને મોબાઈલ એપનું ઈ-લોકાર્પણ પણ કર્યું હતું.

મુખ્યમંત્રીએ કૃષિ એવોર્ડ વિજેતા ખેડૂતોનું સન્માન કર્યું હતું.

# PMKSN-PTC

અમદાવાદ જિલ્લાના અરણેજ ખાતે આયોજીત કિસાન સન્માન સમારોહમાં, અમદાવાદ જિલ્લાના 1 લાખ 88 હજાર 40 ખેડૂતોના ખાતામાં રૂપિયા 37 કરોડ 61 લાખની રકમ જમા કરવામાં આવી

નવસારી ખાતે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલના અધ્યક્ષસ્થાને 'કિસાન સન્માન સમારોહ' માં પ્રગતિશીલ ખેડૂતોને સન્માનિત કરવામાં આવ્યા હતાં.આ પ્રસંગે શ્રી પાટિલે યોજનાના લાભો વિશે આ મુજબ જણાવ્યું હતું

**(બાઇટ: સી આર પાટિલ )**

ઉપરાંત નવસારી જિલ્લામાં 272 લાખના ખર્ચે નિર્માણ પામેલા 29 આંગણવાડીઓનું ઈ લોકાર્પણ શ્રી પાટીલે કર્યું હતું.

બનાસકાંઠાના દાંતીવાડા ખાતે આયોજિત કિસાન સન્માન સમારોહમાં લાભાર્થીએ આ મુજબ પ્રતિભાવ આપ્યો હતો..

**(બાઇટ: બનાસકાંઠા લાભાર્થી )**

ભાવનગરના સણોસરા ખાતે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાના અધ્યક્ષસ્થાને કિસાન સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયા હતા

સાબરકાંઠા, સુરેન્દ્રનગર, સુરત, પોરબંદર, પંચમહાલ અને પાટણ સહિતના જિલ્લાઓમાં 'કિસાન સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયા હતા

# KHYATI HOSPITAL ISSUE IN GRUH

વિધાનસભામાં ખ્યાતિ હોસ્પિટલના મુદ્દે પૂછાયેલા પ્રશ્નો ઉત્તર આપતા આરોગ્ય મંત્રીએ ગૃહમાં જણાવ્યુ હતું કે ખ્યાતિ હોસ્પિટલની ઘટનાના કસુરવારો સામે કડકમાં કડક કાર્યવાહી હાથ ધરીને તમામ આરોપીની ધરપકડ કરીને સમયસર ચાર્જશીટ કરવામાં આવી છે તેમજ આરોપી કાર્તિક પટેલ વિરૂધ્ધની પુરવણી ચાર્જશીટ પણ ટુંક સમયમાં કરાશે.

ભારતીય ન્યાય સંહિતા અંતર્ગત કોઇ તબીબ પર સાપરાધ મનુષ્ય વધની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હોવાનો કદાચિત ગુજરાતના ઇતિહાસમાં પ્રથમ કિસ્સો હોવાનો પણ તેમણે તેમના જવાબમા ઉલ્લેખ કર્યો હતો.

ખ્યાતિ ઘટના પહેલા PMJAY-મા યોજના અંતર્ગત ગેરરિતી બદલ રાજ્યમાં કુલ 52 હોસ્પિટલ અને 3 તબીબ તેમજ ઘટના બાદ 22 હોસ્પિટલ અને 6 તબીબ મળીને 74 હોસ્પિટલ અને 9 તબીબ સસ્પેન્ડ કરાયા હોવાની તેમણે માહિતી આપી હતી.

# HARSH SANGHVI ON CCTV ISSUE

રાજકોટની હોસ્પિટલમા સીસીટીવી ફૂટેજના મામલે પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપતાં દેશના હજારો કેમેરાઓ હેક કરીને હેકર્સ દેશવ્યાપી ષડયંત્ર કરે તે પહેલા જ ગુજરાત પોલીસે આ રેકેટના મુખ્ય સુત્રધારોને પકડીને આ ષડયંત્રનો પર્દાફાશ કર્યો હોવાનુ ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કહ્યુ હતું. તેમણે ઉમેર્યું હતું કે

સીસીટીવી લીકેજ કેસોમાં સાયબર ટેરરીઝમની કલમ ઉમેરનાર ગુજરાત સૌ પ્રથમ રાજ્ય બન્યું છે. પોલીસે કરેલી તપાસની વિગતો ગૃહમાં આપતાં સંઘવીએ ઉમેર્યુ હતું કે, ગુજરાત પોલીસે આ ઘટનાની ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરીને પોતે એક ગ્રાહકની માફક ટેલિગ્રામ ગ્રુપમાં જોડાઈને એકત્ર કરેલી માહિતીને આધારે મુખ્ય સુત્રધારો સુધી પહોંચી પોલીસે મહારાષ્ટ્રના સાંગલી, લાતુર અને ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ અલગ-અલગ ટીમો મોકલીને ૩ હજાર કિ.મી દૂરથી આરોપીઓને ૪૮ કલાકમાં ઝડપી લીધા હતાં.

# VIDHEYAK PASS

આજે વિધાનસભા ગૃહમાં બે વિધેયક પણ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં જીએસટીને લગતું ગુજરાત માલ અને સેવા વેરા સુધારા વિધેયક અને બીજુ વિધેયક ગુજરાત વ્યવસાયી બાંધકામ ઇજનેર રદ કરવા બાબતનું વિધેયક હતું. આ બંને વિધેયક સર્વાનુમતે પસાર થયું હતું.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# Gujcet Exam

ગુજકેટની પરીક્ષા આગામી 23મી માર્ચે યોજાશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી 23મી માર્ચે રવિવારના રોજ સવારે 10 થી બપોરના 4 કલાક દરમ્યાન જિલ્લા કક્ષાના કેન્દ્રો ખાતે ગુજકેટ પરીક્ષા યોજાશે.

ગુજકેટ પરીક્ષા ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી એમ ત્રણ માધ્યમમાં આપી શકાશે.

ધો. 12 વિજ્ઞાન પ્રવાહ પછી ડિગ્રી એન્જિનીયરીંગ, ડિગ્રી/ડિપ્લોમા, ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા લેવાતી કોમન એન્ટરન્સ ટેસ્ટ ગુજકેટ પરીક્ષા ફરજીયાતપણે આપવાની હોય છે.

# WEATHER

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં આગામી પાંચ દિવસ ગરમી અને બફારાનું હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે આગામી 24 કલાક બાદ મહત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થતાં ગરમી વધશે તેવી પણ હવામાન વિભાગના વડા એ કે દાસે શક્યતા દર્શાવી છે.

**(બાઇટ- એ કે દાસ, ડારયરેક્ટર, હવામાન વિભાગ)**

# DAKSHIN GUJ VIJ KAMPNI

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડને નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ભારત સરકારના ઉર્જા મંત્રાલય દ્વારા ૯૭.૫ ના સ્કોર અને A+ (એ - પ્લસ) ગ્રેડ સાથે જાહેર સાહસની વીજ વિતરણ કંપનીઓમાં પ્રથમ સ્થાન અપાયું છે. આ ઉપરાંત સંયુક્ત (જાહેર તથા ખાનગી) વીજ વિતરણ કંપનીઓમાં દ્વિતીય સ્થાન મેળવ્યું છે. ગુજરાત રાજ્યની જાહેર સાહસની ચારેય વીજ વિતરણ કંપની દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડને A+ (એ – પ્લસ) ગ્રેડ મેળવ્યો છે અને તમામને સર્વોચ્ચ દશ કંપનીઓમાં સ્થાન પ્રાપ્ત થયું છે.

# Somnath mahotsav

સોમનાથ ખાતે મહાશિવરાત્રિ નિમિત્તે તા.૨૪ થી ૨૬ ફેબ્રુઆરી દરમિયાન ત્રિ-દિવસીય ‘સોમનાથ મહોત્સવ’નો આજથી આરંભ થઈ રહ્યો છે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ મહોત્સવનું ઉદ્ઘાટન કરશે. વધુ માહિતી આપી રહ્યા છે, અમારાં ગીર સોમનાથના પ્રતિનિધિ,રાજેશ ભજગોતર...

**(બાઇટ: રાજેશ ભજગોતર, PTC)**

નર્મદા જિલ્લાના દેવમોગરા ખાતે મહાશિવરાત્રીના પાંચ દિવસીય મેળામાં ચાર રાજ્યોના ત્રણ લાખથી વધુ આદિવાસી શ્રદ્ધાળુઓ જોડાશે.